Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, અંતર્ગત

પૂજ્ય કહાનગુરુ-સ્મૃતિગ્રંથ પ્રકાશન - પુષ્પ-૨૮




# જૈન બાળપોથી

## ભાગ : ૧

લેખક : બ્ર. હરિલાલ જૈન

પ્રકાશક

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ

૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, અંતર્ગત

## પૂજ્ય કહાનગુરુ-સ્મૃતિગ્રંથ પ્રકાશન - પુષ્પ-૨૮

**આવૃત્તી ૧૦૦૦**

**મૂલ્ય : રૂા. ૫/-**

**પ્રકાશક :**

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
કહાન નગર, લામરોડ, દેવલાલી ૪૨૨ ૪૦૧

**પ્રધાન કાર્યાલય :**

૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨


**પ્રસ્તાવના :**

આપણા ધર્મપિતા મંગલ મૂર્તિ **પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનાં** પરમ પુનિત પ્રભાવના ઉદયે પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ અંતર્ગત પૂજ્ય કહાનગુરુ સ્મૃતિગ્રંથ પ્રકાશનમાળાનું આ પુષ્પ ૨૮ મું જૈન બાળપોથી ભાગ-૧ પ્રકાશિત કરતાં આનંદ અનુભવીએ છીએ. આ પ્રકાશન ઘણા વખતથી અપ્રાપ્ય હોવાથી આપણા ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરેલ છે. પ્રવર્તમાન દેવગુરુ ભક્તિભીની અનેક ગતિવિધિનાં અંગભૂત પ્રકાશન વિભાગ દ્વારા આ આવૃત્તિ આપની સમક્ષ રજુ કરીએ છીએ. જે બાળકોને આત્માની ઉંડી રુચી જાગૃત કરવામાં જરૂર મદદરૂપ થશે.

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટીગણ

# Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Jain Balpothi Part 1 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 26 April 2009 | First electronic version |


卐 सद्धर्म वृद्धिः अस्तु 卐
卐 जैनं जयतु शासनम् 卐
ॐ
જૈન બાળપોથી
બ્ર. હરિલાલ જૈન

ॐ

# જૈન બાળપોથીના પાઠોનું સાંકળિયું


૧. જીવ
૨. શરીર
૩. જીવ અને અજીવ
૪. દ્રવ્ય-ગુણ-પર્યાય
૫. પરીક્ષા
૬. હા અને ના
૭. ધર્મ
૮. સમજણ
૯. ભગવાન
૧૦. ગુરુ
૧૧. શાસ્ત્ર
૧૨. જૈન બાળકનું હાલરડું
૧૩. સમ્યગ્દર્શન
૧૪. સમ્યગ્જ્ઞાન
૧૫. સમ્યક્ચારિત્ર
૧૬. જૈન
૧૭. રાજાની વાર્તા
૧૮. મુક્ત અને સંસારી
૧૯. કર્મ
૨૦. શ્રી મહાવીર ભગવાન
૨૧. આટલું કરજો
૨૨. સારી સારી શિખામણ
૨૩. કદી નહિ
૨૪. ધૂન
૨૫. વંદન
૨૬. આતમદેવ
૨૭. મને બતાવો !
૨૮. મારી ભાવના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બા....ળ....કો....ને....



**ધર્મપ્રેમી બાળકો !**

તમે વીર પ્રભુનાં સંતાન છો.

તમારા હાથમાં આ બાળપોથી

જોઈને કોને આનંદ નહિ થાય

તમે પ્રેમથી તેનો અભ્યાસ કરજો.

અભ્યાસ કરવા માટે હંમેશાં પાઠશાળાએ

જજો અને આત્માની સમજણ કરીને


તમે પણ ભાવિ મહાવીર બનજો.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીર પ્રભુનાં સંતાન



અમે તો વીર તણાં સંતાન,
અમારે ભણવા જૈન સિદ્ધાંત;
ભણવું ગણવું અમને વહાલું,
ગુરુજી પર છે વહાલ........અમે....
ભણતાં ભણતાં મોટા થઈશું,
કરશું આત્મનું ભાન;
ઉપકાર એ ગુરુજી તણો છે,
વંદીએ વારંવાર...........અમે...

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧. જીવ



હું જીવ છું.

મારામાં જ્ઞાન છે.


હું જ્ઞાનથી જાણું છું.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨. શરીર



## શરીર અજીવ છે.

## તેનામાં જ્ઞાન નથી.


## તે કંઈ જાણતું નથી.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૩. જીવ અને અજીવ




હું જીવ છું. શરીર અજીવ છે.

જીવમાં જ્ઞાન છે. અજીવમાં જ્ઞાન નથી.

મારામાં જ્ઞાન છે. શરીરમાં જ્ઞાન નથી.

હું મારા જ્ઞાનથી બધાને જાણું છું.

શરીર કોઈને જાણતું નથી.

જીવ અને શરીર જુદાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૪. દ્રવ્ય-ગુણ-પર્યાય




હું જીવ દ્રવ્ય છું.

જ્ઞાન મારો ગુણ છે.

જાણવું તે મારો પર્યાય છે.

જીવ-દ્રવ્યમાં જ્ઞાન-ગુણ છે.


અજીવ-દ્રવ્યમાં જ્ઞાન-ગુણ નથી.

જીવ-દ્રવ્ય જાણે છે.

અજીવ-દ્રવ્ય જાણતું નથી.

*

# ૫. પરીક્ષા



બાળકો ! બોલો તમે કોણ છો ?—જીવ જીવ જીવ.

તમારામાં શું છે ?—જ્ઞાન જ્ઞાન જ્ઞાન.

તમે શું કરો છો ?—જાણીએ છીએ જાણીએ છીએ.

શરીર કોણ છે ?—અજીવ અજીવ અજીવ.

તેનામાં જ્ઞાન છે ?—નથી નથી નથી.


તે કોઈને જાણે છે ?—ના ના ના.

શરીર તમારું છે ?—ના ના ના.

શરીરનાં કામ તમે કરો છો ?—ના ના ના.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૬. હા અને ના



બોલો, તમે જીવ છો?—હા હા હા.

શરીર તે જીવ છે?—ના ના ના.

તમારામાં જ્ઞાન છે?—હા હા હા.

શરીરમાં જ્ઞાન છે?—ના ના ના.

તમે બધું જાણો છો?—હા હા હા.

શરીર કાંઈ જાણે છે?—ના ના ના.

તમે શરીરને જાણો છો?—હા હા હા.

તમે શરીરનું કામ કરો છો?—ના ના ના.

તમારે સુખી થવું છે?—હા હા હા.


તમારે દુઃખી થવું છે?—ના ના ના.

તમે આત્માને ઓળખશો?—હા હા હા.

તમે અજ્ઞાન રાખશો?—ના ના ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૭. ધર્મ



મારે સુખી થવું છે.

ધર્મ કરે તે સુખી થાય.

ધર્મ ન કરે તે દુઃખી થાય.

મારે ધર્મ કરવો છે.

જીવમાં ધર્મ થાય છે.

શરીરમાં ધર્મ થતો નથી.


હું જીવ છું, મારામાં ધર્મ થાય છે.

શરીર અજીવ છે, તેમાં ધર્મ થતો નથી.

જીવ એક દ્રવ્ય છે.

ધર્મ તેનો પર્યાય છે.

# ૮. સમજણ




જ્ઞાનથી ધર્મ થાય છે.
અજ્ઞાનથી અધર્મ થાય છે.

જેનામાં જ્ઞાન હોય તે ધર્મ સમજે.
જીવમાં જ્ઞાન છે. જીવ ધર્મ સમજે છે.
શરીરમાં જ્ઞાન નથી, શરીર ધર્મ સમજતું નથી.

હું જીવ છું.
મારામાં જ્ઞાન છે.
મારા જ્ઞાનથી હું ધર્મને સમજું છું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૯. ભગવાન



[ અરિહંત ભગવાન ]



[ સિદ્ધ ભગવાન ]

ધર્મ એટલે આત્માની સમજણ.

આત્માને સમજે તે ભગવાન થાય.

ભગવાનને પૂરું જ્ઞાન હોય.

ભગવાનને જરાય રાગ ન હોય.

ભગવાન બધાયને જાણે.

ભગવાન કોઈનું કાંઈ કરે નહિ.

ભગવાનને ભૂખ લાગે નહિ.

ભગવાન કાંઈ ખાય નહિ.

અરિહંત ભગવાન છે. સિદ્ધ ભગવાન છે.

મહાવીર ભગવાન સિદ્ધ છે.

સીમંધર ભગવાન અરિહંત છે.

અરિહંતને શરીર હોય છે.

સિદ્ધને શરીર હોતું નથી.

હંમેશાં ભગવાનનાં દર્શન કરજો.

'णमो अरिहंताणं: णमो सिद्धाणं'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૦. ગુરૂ




આ એક મુનિ છે. મુનિ આપણા ગુરુ છે.
તેઓ આત્માના ધ્યાનમાં બેઠા છે.
પાસે એક કમંડળ છે. બીજી મોરપીંછી છે.
સાચા મુનિને આત્મજ્ઞાન હોય છે.
કુંદકુંદમુનિ આચાર્ય હતા.
આચાર્ય તે મુનિ છે. ઉપાધ્યાય તે મુનિ છે.
સાધુ તે મુનિ છે.
બધા મુનિ આપણા ગુરુ છે.
ગુરુ આપણને ધર્મનો ઉપદેશ આપે છે.
હંમેશાં ગુરુનાં દર્શન કરજો.
તથા તેમનો વિનય અને ભક્તિ કરજો.

'णमो आइरियाणं, णमो उवज्झायाणं.
णमो लोए सव्व साहूणं.'

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૧. શાસ્ત્ર



આ સમયસાર છે. તે એક શાસ્ત્ર છે.

શાસ્ત્રો આત્મા બતાવે છે.

જ્ઞાની રચે તેને શાસ્ત્ર કહેવાય.

તે શાસ્ત્રથી આત્મા સમજાય.

શાસ્ત્રને જિનવાણી કહેવાય છે.

શાસ્ત્રમાં જ્ઞાન નથી, શાસ્ત્ર કાંઈ જાણતું નથી.

જીવમાં જ્ઞાન છે; જીવ બધું જાણે છે.

સમયસાર-શાસ્ત્ર બહુ સરસ છે.

તેનાથી આત્મા સમજાય છે.


કુંદકુંદમુનિએ તે લખ્યું છે.

હંમેશાં શાસ્ત્રનાં દર્શન કરજો.

અને તેનું વાંચન-મનન કરજો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૨. જૈન બાળકનું હાલરડું





'અરિહંત' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, અરિહંત થવું સહેલ છે.



'પ્રભુસિદ્ધ' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, પ્રભુ સિદ્ધ થાવું સહેલ છે.



'આચાર્ય' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, આચાર્ય થાવું સહેલ છે.



'ઉપાધ્યાય' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, ઉપાધ્યાય થાવું સહેલ છે.



'સાધુજી' તારા પિતા, જિનવાણી તારી માતા,
મારા બંધુ, સાધુજી થાવું સહેલ છે.



'જિનશાસન' તારો ધર્મ, સ્વભાવ એનો મર્મ,
મારા બંધુ, ધરમ સમજવો સહેલ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૩. સમ્યગ્દર્શન




સમ્યક્ દર્શન એટલે સાચી શ્રદ્ધા.
સાચી શ્રદ્ધા એટલે આત્માનો વિશ્વાસ.

પોતાનો આત્મા પૂરો છે, પોતાનો આત્મા ભગવાન છે.
પોતાના આત્માનો વિશ્વાસ કરે તો સમ્યગ્દર્શન થાય.
સમ્યગ્દર્શન થાય એટલે જરૂર મોક્ષ થાય.
સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે.
સમ્યગ્દર્શન દરેક જીવને બહુ જરૂરનું છે.
સમ્યગ્દર્શન વગર જ જીવ સંસારમાં રખડે છે.
સમ્યગ્દર્શન વગર કદી ધર્મ થતો નથી.
જીવની સાચી શ્રદ્ધા તે જ સૌથી પહેલો ધર્મ છે.
જીવની ખોટી શ્રદ્ધા તે જ સૌથી મોટું પાપ છે.

'સૌથી પહેલાં શું કરશો?'
'સમ્યગ્દર્શનનો અભ્યાસ.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૪. સમ્યગ્જ્ઞાન




સમ્યક્ જ્ઞાન એટલે સાચી સમજણ.
સાચી સમજણ એટલે આત્માની ઓળખાણ.

આત્મા જ્ઞાનવાળો જ છે, આત્મા શરીરથી જુદો છે;
જીવને રાગ થાય છે તે તેનો ગુણ નથી.—
—આમ સમજે તો સાચું જ્ઞાન થાય.

સાચું જ્ઞાન થાય એટલે ખોટું જ્ઞાન ટળે.
સાચું જ્ઞાન થાય એટલે સુખ પ્રગટે.
સાચું જ્ઞાન થાય એટલે ધર્મ થાય.
સાચું જ્ઞાન થાય એટલે સંસારથી છૂટે.
સાચું જ્ઞાન થાય એટલે પોતે ભગવાન થાય.

સાચું જ્ઞાન તે સૌથી પહેલો ધર્મ છે.
અજ્ઞાન તે સૌથી મોટું પાપ છે.

'તમે શું કરશો?'

'આત્માનું સાચું જ્ઞાન કરજો, ને અજ્ઞાન ટાળજો.'

# ૧૫. સમ્યક્ ચારિત્ર



સમ્યક્ ચારિત્ર એટલે સાચું આચરણ

આત્માને ઓળખીને તેમાં રહેવું તે સાચું ચારિત્ર છે.
જે આત્માને ઓળખે તેને જ સાચું ચારિત્ર હોય.
જે આત્માને ન ઓળખે તેને સાચું ચારિત્ર હોય નહિ.

સમ્યક્ ચારિત્ર તે સમભાવ છે.
સમ્યક્ ચારિત્ર તે શાંતિ છે.
સમ્યક્ ચારિત્ર તે ધર્મ છે.

જેને સમ્યક્ ચારિત્ર હોય તેને મુનિ કહેવાય છે.
સમ્યક્ ચારિત્રથી જ મોક્ષ મળે છે.

પહેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, પછી સમ્યક્ચારિત્ર.
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ભેગાં
થઈને મોક્ષનો માર્ગ છે; બીજી કોઈ રીતે મોક્ષ થતો નથી.

બાળકો, તમે પણ આત્માની ઓળખાણ કરીને
સમ્યક્ ચારિત્રની ભાવના કરજો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૬. જૈન




જૈન એટલે જીતનાર.

જૈન ધર્મ એટલે આત્માનો સ્વભાવ

આત્માને ઓળખે તે જૈન કહેવાય.

આત્માને ઓળખીને અજ્ઞાનને જીતે તે જૈન.

આત્માના વીતરાગભાવથી રાગ-દ્વેષને જીતે તે જૈન.

જેણે રાગ-દ્વેષ ટાળ્યા છે તે જિનદેવ છે.

જિનદેવ તે જ સાચા ભગવાન છે.

ભગવાન સર્વજ્ઞ છે, ભગવાન વીતરાગ છે.

જૈનો માંસ ખાય નહિ. જૈનો મધ ખાય નહિ.

જૈનો દારૂ પીએ નહિ. જૈનો ઇંડાં ખાય નહિ.

'જૈનધર્મ અનેકાંતવાદી છે.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૭. રાજાની વાર્તા



એક હતો રાજા. તે જંગલમાં શિકાર કરવા ગયો.

જંગલમાં એક મુનિ હતા. રાજાએ તેમને વંદન કર્યું.

મુનિએ કહ્યું–હે રાજન! શિકાર કરવાથી પાપ થાય છે; પાપથી જીવ નરકમાં જાય છે; ત્યાં તે બહુ દુઃખી થાય છે.



તે સાંભળીને રાજા રોઈ પડ્યો. અને મુનિને પૂછ્યું – પ્રભો! મારાં પાપ કેમ ટળે? ને હું સુખી કેમ થાઉં?

મુનિએ કહ્યું–હે રાજન! સુખ તારા આત્મામાં છે. તું શિકાર કરવો છોડી દે, ને આત્માની સમજણ કર. તેથી તું સુખી થઈશ.


પછી રાજાએ શિકાર છોડી દીધો. મુનિ પાસે રહીને આત્માની સમજણ કરીને સુખી થયો.

છેવટે, તે સંસારથી છૂટીને મોક્ષ પામ્યો.

પાપ છોડો, આત્માને સમજો, તો સુખી થશો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૧૮. મુક્ત અને સંસારી







જીવો બે પ્રકારનાં છે—એક મુક્ત ને બીજા સંસારી.
મુક્ત જીવો શુદ્ધ છે, સંસારી જીવો અશુદ્ધ છે.
મુક્ત જીવો મોક્ષમાં રહે છે, તેઓને પૂરું સુખ છે;
તેઓને રાગ–દ્વેષ નથી, તેઓને જન્મ–મરણ નથી.

તેઓ કદી સંસારમાં આવતા નથી,
તેઓ બીજાનું કાંઈ કરતા નથી,
સિદ્ધ ભગવાન મુક્ત – જીવ છે,
અરિહંત ભગવાન પણ જીવનમુક્ત છે.
સંસારી જીવોને જન્મ–મરણ હોય છે.

સ્વર્ગના જીવો સંસારી છે. નરકના જીવો સંસારી છે;
ઢોરના જીવો સંસારી છે. માણસના જીવો સંસારી છે.
સંસારી જીવો દુઃખી છે, મુક્ત જીવો સુખી છે.
આત્માને ન ઓળખે ત્યાંસુધી જીવ સંસારમાં રખડે છે.
આત્માને ઓળખે તો જરૂર મુક્તિ પામે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૧૯. કર્મ



કર્મ



જીવ

કર્મ અજીવ છે.
કર્મમાં જ્ઞાન નથી.
જીવમાં જ્ઞાન છે.
કર્મ અને જીવ જુદાં છે.
જીવમાં કર્મ નથી.
કર્મમાં જીવ નથી.
જીવ અજ્ઞાનથી હેરાન થાય છે.
કર્મો જીવને હેરાન કરતાં નથી.
જીવ પોતાની ભૂલથી દુઃખી થાય છે.
કર્મો જીવને દુઃખી કરતાં નથી.
જીવની ઓળખાણ કરવી.
કર્મોનો વાંક કાઢવો નહિ.
જીવને ઓળખવો તે ધર્મ છે.
કર્મનો વાંક કાઢવો તે અધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૦. શ્રી મહાવીર ભગવાન



તમે મહાવીર ભગવાનને ઓળખો છો? જેમ તમે આત્મા છો તેમ મહાવીર ભગવાન એક આત્મા છે. તેમણે આત્માની ઓળખાણ કરી, ને રાગ-દ્વેષ ટાળ્યા તેથી તેઓ ભગવાન થયા. તમે એમ કરો તો તમે પણ ભગવાન થાવ.


'મહાવીર'ના પિતાશ્રીનું નામ સિદ્ધાર્થ રાજા, ને માતાજીનું નામ ત્રિશલાદેવી; તેમનો જન્મ ચૈત્ર સુદ ૧૩ના દિવસે વૈશાલીના કુંડગ્રામમાં થયો હતો. જન્મથી જ તેઓ મહાન આત્મજ્ઞાની અને વૈરાગી હતા. સ્વર્ગમાંથી દેવો તેમની સેવા કરવા આવતા.



અને નાના બાળકનું રૂપ કરીને તેમની સાથે રમતા હતા.


રમતમાં એકવાર એક દેવે મોટા નાગનું રૂપ લીધું, ને બધા બાળકોને બિવરાવવા લાગ્યો; પણ મહાવીરે તો તેને

ઉપાડીને દૂર ફેંકી દીધો.



વળી એકવાર રાજાનો હાથી ગાંડો થઈને ભાગ્યો, ને લોકોને હેરાન કરવા લાગ્યો, નાનકડા મહાવીરે જઈને તેને શાંત કર્યો.

રાજકુમાર મહાવીર જ્યારે મોટા થયા ત્યારે એકવાર તેમને પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું.



પૂર્વભવનું જ્ઞાન થતાં તેમને ઘણો જ વૈરાગ્ય જાગ્યો, તેથી તેઓ દીક્ષા લઈને મુનિ થયા.



તેમને આત્માની ઓળખાણ તો હતી જ. મુનિ થયા પછી તેઓ આત્માનું બહુ જ ધ્યાન કરવા લાગ્યા. આત્માના ધ્યાનથી તેમના જ્ઞાનની શુદ્ધતા વધવા માંડી અને રાગ તૂટવા માંડયો. એમ કરતાં કરતાં બધોય રાગ ટળી ગયો અને પૂરેપૂરું જ્ઞાન ખીલી ગયું; એટલે તેઓ ભગવાન થયા, -અરિહંત થયા.

પછી તેમણે ધર્મનો ઉપદેશ આપવા માંડયો.



ઉપદેશ સાંભળવા માટે જીવોનાં ટોળે ટોળાં આવ્યા: સ્વર્ગના દેવો આવ્યા, ને મોટા રાજા આવ્યા. આઠ વર્ષનાં બાળકો પણ આવ્યાં ને આત્માની સમજણ પામ્યાં. જંગલમાંથી સિંહ આવ્યા, વાઘ આવ્યા, હાથી આવ્યા, વાંદરા આવ્યા, મોટા નાગ આવ્યા ને નાનકડાં દેડકાં પણ આવ્યાં,-ને આત્માની સમજણ પામ્યા.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




મહાવીર ભગવાને ઘણા વર્ષ ધર્મનો ઉપદેશ આપીને જૈનધર્મનો બહુ જ ફેલાવો કર્યો. છેવટે પાવાપુરીમાં તેઓ મોક્ષ પામ્યા. પહેલાં તેઓ અરિહંત હતા, હવે સિદ્ધ થયા. આસો વદ અમાસના પરોઢિયે ભગવાન મોક્ષ પામ્યા, તેથી તે દિવસે દીપાવલિ-મહોત્સવ થાય છે. અત્યારે મહાવીર ભગવાન મોક્ષમાં બિરાજે છે, ત્યાં તેઓ પૂર્ણ આનંદમાં છે.

બાળકો, મહાવીર ભગવાનની જેમ તમે પણ આત્માને ઓળખો, રાગ-દ્વેષ ટાળો ને મોક્ષ પામો.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૧. આટલું કરજો




બાળકો ! સવારમાં વહેલા ઊઠજો.
ઊઠીને આત્માનો વિચાર કરજો.
પ્રભુનું સ્મરણ કરજો ને નમસ્કાર-મંત્ર બોલજો.
પછી ચોખ્ખાં કપડાં પહેરીને જિનમંદિરે જજો.
જિનમંદિરે જઈને ભગવાનનાં દર્શન કરજો.

પછી શાસ્ત્રને વંદન કરજો,
અને તેનું વાંચન કરજો.
પછી ગુરુજીનાં દર્શન કરજો.
તેમનો ઉપદેશ સાંભળજો,
ને સાંભળીને વિચાર કરજો.
દરરોજ આટલું કરજો.

એમ કરવાથી તમારું જીવન પવિત્ર થશે.

# ૨૨. સારી સારી શિખામણ



(૧) તું આત્માને ભૂલીશ નહિ
હિંસા કદી કરીશ નહિ.

(૨) તું ભગવાનને ભૂલીશ નહિ.
ખોટું કદી બોલીશ નહિ.

(૩) તું ગુરુસ્તુતિને ભૂલીશ નહિ,
ચોરી કદી કરીશ નહિ.


(૪) તું શાસ્ત્ર જયાં–ત્યાં મૂકીશ નહિ,
રાત્રે કદી જમીશ નહિ.

(૫) તું સદા સંતોષથી રહેજે,
મમતા કદી કરીશ નહિ.

(૬) તું સારી શિખામણ માનજે,
એટલું બરાબર કરજે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૩. કદી....નહિ



કદી ધર્મ છોડશો નહિ.

કદી ક્રોધ કરશો નહિ.

કદી હઠ કરશો નહિ.

કદી કપટ કરશો નહિ.

કદી લાલચ કરશો નહિ.

કદી દયા છોડશો નહિ.

કદી ભય કરશો નહિ.

કદી પ્રમાદ કરશો નહિ.

કદી જુગાર રમશો નહિ.


કદી ખોટાને માનશો નહિ.

કદી નિંદા કરશો નહિ.

કદી દોષ છુપાવશો નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૪. ધૂન



(૧)

'આતમ–ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'

(૨)

'સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.'

(૩)

'દેવ અમારા શ્રી અરિહંત, ગુરુ અમારા નિર્ગ્રંથ સંત.'

(૪)

'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે.'


(૫)

'દેહ મરે ભલે, હું નથી મરતો,
અજર-અમર હું આત્મસ્વરૂપ.'

(૬)

'મહાવીર કી જય, ગુરુ ગૌતમ કી જય,
ગુરુરાજ કૃપાળુ કી જય જય જય.

# ૨૫. વંદન



(૧) વંદન અમારાં પ્રભુજી તમને...
વંદન અમારાં ગુરુજી તમને...વંદન....

(૨) વંદન અમારાં સિદ્ધ પ્રભુને...
વંદન અમારાં અરિહંત દેવને...વંદન...


(૩) વંદન અમારાં સૌ મુનિરાજને...
વંદન અમારાં ધર્મ—શાસ્ત્રોને...વંદન...

(૪) વંદન અમારાં બધા જ્ઞાનીને...
વંદન અમારાં ચૈતન્ય દેવને...વંદન...

(૫) વંદન અમારાં આત્મસ્વભાવને....
વંદન અમારાં આત્મ-ભગવાનને....વંદન....

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૬. આતમદેવ



૧. મારે જોવો—આતમદેવ કેવો હશે ?
દેવ કેવો હશે, શું કરતો હશે ?—મારે...

૨. પોતે દેવાધિદેવ, પોતે ભગવાન જે,
પોતે પરમેશ્વર કેવો હશે ?—મારે...

૩. જાણે બધુંય વિશ્વ ઝળકે બધુંય જ્યાં,
દર્પણ સમાન દેવ કેવો હશે ?—મારે....


૪. જુદો જગતથી ને જુદો શરીરથી,
આનંદે એકમેક કેવો હશે ?—મારે...

૫. જન્મ-મરણ નહિ, રાજા કે રંક નહિ,
સાગર આનંદનો કેવો હશે ?—મારે....

૬. આંખે દેખાય નહિ, કાને સુણાય નહિ,
જ્ઞાને સમાય એ કેવો હશે ?—મારે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ૨૭. મને બતાવો !



૧. મને બતાવો, આત્મા કેવો હશે !
એ કેવો હશે, ક્યાં રહેતો હશે !...મને...

૨. જાણે બધું ને દેખે બધું જે,
—એવો તે આત્મા કેવો હશે !...મને...

૩. પોતે છે ભગવાન, પોતે છે સિદ્ધ,
પોતે છે જ્ઞાનનો દરિયો રે...મને...


૪. શરીરથી જુદો ને વાણીથી જુદો,
વળી છે સુખથી ભરિયો રે...મને...

૫. જન્મ વગરનો ને મરણ વગરનો,
રાગ વગરનો—કેવો હશે !...મને...

૬. આંખે દેખાય નહિ, જ્ઞાને જણાય જે,
મારે તે જીવને જોવો છે...મને...

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૨૮. મારી ભાવના



(૧) મારે પ્રભુનાં દર્શન કરવાં છે;
મારે આત્માનાં દર્શન કરવાં છે.... મારે..

(૨) મારે જ્ઞાનીની સેવા કરવી છે;
મારે સમજણ સાચી કરવી છે... મારે..

(૩) મારે શાસ્ત્રનો અભ્યાસ કરવો છે;
મારે મોહ દૂર કરવો છે... મારે..

(૪) મારે વૈરાગ્ય સાચો કરવો છે;
મારે સંગ મુનિનો કરવો છે... મારે..

(૫) મારે સંસારમાંથી છૂટવું છે;
મારે ઝટ ઝટ મોક્ષે જાવું છે... મારે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ✻ જૈન બાળપોથીનાં પ્રશ્નો ✻

બાળકો, તમે આ બાળપોથી શીખી ગયા; હવે નીચેના પ્રશ્નોના જવાબ શોધો. આથી તમારો અભ્યાસ પાકો થશે, અને તમને મજા આવશે. આ પ્રશ્નો પરીક્ષા માટે પણ ઉપયોગી થશે, અને બાળકોને એકબીજા સાથે પ્રશ્નોત્તરી કરવામાં પણ ઉપયોગી થશે.

૧. હું કોણ છું ?
૨. મારામાં શું છે ?
૩. આપણે કોના સંતાન ?
૪. તમને શું ભણવું ગમે ?
૫. મોટા થઈને શું કરશો ?
૬. તમે જીવ કે શરીર ?
૭. જ્ઞાન જીવમાં હોય કે શરીરમાં ?
૮. જીવ અને શરીરમાં શું ફેર ?
૯. જીવ અને શરીર એક કે જુદાં ?
૧૦. તમે શેનાથી જાણો છો ?
૧૧. આ આંખ વગર જાણી શકાય ?
૧૨. શરીર કોને જાણે છે ?
૧૩. તમે કયું દ્રવ્ય છો ? જીવ કે અજીવ ?
૧૪. તમારામાં કયો ગુણ છે ?
૧૫. જાણવું તે કોની પર્યાય છે ?
૧૬. જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય, તેમનામાં શું ફેર ?

૧૭. શરીર કોણ છે ?
૧૮. તમે કોણ છો ?
૧૯. જીવ શરીરનાં કામ કરે ?
૨૦. જીવ શરીરને જાણે ?
૨૧. શરીરમાં જ્ઞાન હોય ?
૨૨. સુખી થવા માટે તમે શું કરશો ?
૨૩. ધર્મ કરવાથી શું થાય ?
૨૪. આત્માને ઓળખ્યા વગર સુખ થાય કે નહીં ?
૨૫. પૈસાથી સુખ મળે કે નહીં ?
૨૬. ધર્મ ન કરે તો જીવને શું થાય ?
૨૭. ધર્મ જીવમાં થાય કે શરીરમાં ?
૨૮. ધર્મ દ્રવ્ય છે કે પર્યાય ?
૨૯. ધર્મ તે કોની પર્યાય છે ?
૩૦. તમે કેવી રીતે ધર્મ કરશો ?
૩૧. ધર્મ શેમાં થાય ?
૩૨. ધર્મ શેનાથી થાય ?–શરીરથી કે જ્ઞાનથી ?
૩૩. ધર્મ એટલે શું ?
૩૪. ભગવાન થવું હોય તો શું કરવું ?
૩૫. ભગવાનને શું હોય ? ને શું ન હોય ?
૩૬. ભગવાન કાંઈ ખાય ?
૩૭. અરિહંત અને સિદ્ધમાં શું ફેર ?
૩૮. મહાવીરભગવાન અત્યારે સિદ્ધ છે કે અરિહંત ?
૩૯. અત્યારે અરિહંત હોય તે ભગવાનનું નામ શું ?
૪૦. 'નમસ્કારમંત્ર' લખો (શુદ્ધ અને સુંદર અક્ષરમાં)
૪૧. જંગલમાં ધ્યાનમાં કોણ બેઠું છે ?
૪૨. આપણા ગુરુ કોણ છે ?
૪૩. ગુરુના પાઠમાં એક આચાર્યનું નામ લખ્યું છે, તે કોણ ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૪૪. એક મોટા શાસ્ત્રનું નામ લખો ?
૪૫. શાસ્ત્ર આપણને શું સમજાવે છે ?
૪૬. જ્ઞાન શાસ્ત્રમાં હોય કે જીવમાં ?
૪૭. તમે કદી સમયસાર શાસ્ત્ર હાથમાં લઈને જોયું છે ?
૪૮. શાસ્ત્ર કોને કહેવાય ?
૪૯. સમયસાર શાસ્ત્ર કોણે રચ્યું છે ?
૫૦. એક માતા બાળકને માટે કેવું હાલરડું ગાય છે ?
૫૧. આપણી ધાર્મિક માતા કોણ ?
૫૨. સાચી શ્રદ્ધાને શું કહેવાય ?
૫૩. સમ્યગ્દર્શન થાય તેને શું મળે ?
૫૪. ધર્મનું મૂળ શું છે ?
૫૫. જીવ સંસારમાં કેમ રખડયો ?
૫૬. સૌથી પહેલો ધર્મ કયો ?
૫૭. સૌથી મોટું પાપ શું ?
૫૮. સમ્યગ્જ્ઞાન એટલે શું ?
૫૯. સમ્યગ્જ્ઞાનથી પોતાનો આત્મા કેવો સમજાય ?
૬૦. જેને સાચું ચારિત્ર હોય તેને શું કહેવાય ?
૬૧. કઈ ત્રણ વસ્તુ ભેગી કરવાથી મોક્ષમાર્ગ થાય છે ?
૬૨. આત્માને ઓળખે નહિ, તો મોક્ષ થાય ?
૬૩. સાચું ચારિત્ર ને મુનિદશા કોને હોઈ શકે ?
૬૪. જૈન કોને કહેવાય ?
૬૫. જેણે રાગ-દ્વેષ ટાળ્યા તેને શું કહેવાય ?
૬૬. જિનદેવ કેવા છે ?
૬૭. એક હતો રાજા; તે શા માટે રોઈ પડયો ?
૬૮. સુખી થવા માટે રાજાને મુનિએ શું કહ્યું ?
૬૯. જીવો બે પ્રકારનાં છે,-તે કયા ?
૭૦. સ્વર્ગના જીવો સંસારી છે કે મુક્ત ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

૭૧. જીવ ક્યાં સુધી સંસારમાં રખડે છે?
૭૨. મુક્ત થવા માટે જીવે શું કરવું જોઈએ?
૭૩. કર્મ જીવ છે કે અજીવ?
૭૪. જીવમાં કર્મ છે?
૭૫. જીવ કેમ દુઃખી થાય છે? અજ્ઞાનથી કે કર્મથી?
૭૬. મહાવીરે શું કર્યું કે જેથી તેઓ ભગવાન થયા?
૭૭. મહાવીરનો જન્મદિવસ કયો? ને માતાજીનું નામ શું?
૭૮. પૂર્વભવનું જ્ઞાન થતાં ભગવાને શું કર્યું?
૭૯. મુનિ થયા પછી ભગવાન શું કરતા હતા?
૮૦. ભગવાનનો ઉપદેશ સાંભળવા કોણ-કોણ આવ્યું?
૮૧. મહાવીર ભગવાન ક્યાંથી મોક્ષ પામ્યા?
૮૨. અત્યારે મહાવીર ભગવાન અરિહંત છે કે સિદ્ધ?
૮૩. તેઓ અત્યારે ક્યાં રહેતા હશે?
૮૪. સવારમાં વહેલા ઊઠીને તમે શું કરશો?
૮૫. આપણે હંમેશા શું-શું કરવું જોઈએ?
૮૬. એક માતા બાળકને સારી-સારી શિખામણ આપે છે. તેમાં સૌથી પહેલાં શું કહે છે?
૮૭. આપણે રાત્રે ખવાય?
૮૮. તમે દરરોજ શું કરશો?
૮૯. તમે કદી શું નહીં કરો?
૯૦. આતમ-ભાવના ભાવતાં શું મળે?
૯૧. 'સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી' તે કોણ છે?
૯૨. આપણા દેવ કોણ?
૯૩. દેહ અને જીવ-તેમાં અમર કોણ?
૯૪. "વંદન અમારાં"....તેમાં તમે કોને કોને વંદન કરો છો?
૯૫. આતમદેવ કેવો છે? (પાઠ ૨૬ ની કવિતા)
૯૬. એક બાળક શું જોવા માગે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૯૭. આત્મા આંખથી દેખાય કે નહીં ?

૯૮. આત્મા શેનાથી દેખાય ?

૯૯. જન્મ વગરનો ને મરણ વગરનો......(પછી શું ?)

૧૦૦. પોતે છે ભગવાન....પોતે છે સિદ્ધ....(પૂરું કરો)

૧૦૧. તમારે કોના દર્શન કરવાં છે ?

૧૦૨. તમારે કોની સેવા કરવી છે ?

૧૦૩. તમને શું કરવાનું ગમે છે ?

૧૦૪. તમારે શેમાંથી છૂટવું છે ?

૧૦૫. તમારે ઝટઝટ ક્યાં જવું છે ?

૧૦૬. તમે રોજ ધર્મનો અભ્યાસ કરો છો કે નહીં ?

૧૦૭. તમારી બા તમને ધર્મની વાર્તા કહે છે કે નહીં ?

૧૦૮. તમે રોજ ભગવાનનાં દર્શન કરવા જાઓ છો કે નહીં ?

૧૦૯. પંચરંગી જૈન–ઝંડો ચિતરતાં શીખો. (પાઠ ૧૬)

૧૧૦. ‘અમે તો વીરતણા સંતાન’ એ ગીત તમને આવડે છે ?

जयजिनेन्द्र

## પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, અંતર્ગત
### પૂજ્ય કહાનગુરુ સ્મૃત્તિગ્રંથમાળાના પ્રકાશિત / પુષ્પો ગુજરાતી

૧. ગુરુ પ્રસાદ - ગુજરાતી માસિક
૨. ધર્મનાં દશલક્ષણ
૩. અહિંસા મહાવીરની દ્રષ્ટિમાં
૪. છઢાળા
૫. ક્રમબદ્ધપર્યાય
૬. કારણ શુદ્ધ પર્યાય
૭. મોક્ષશાસ્ત્ર અર્થાત તત્વાર્થસૂત્ર (પાંચમી આવૃત્તી)
૮. કહાન સરિતા
૯. જિનેન્દ્ર સ્તવન મંજરી
૧૦. સમયસાર અનુશીલન ભાગ-૧
૧૧. અષ્ટપાહુડ
૧૨. પત્રો દ્વારા જૈન તત્વ પ્રવેશ
૧૩. યુગ પુરૂષ શ્રી કાનજીસ્વામી
૧૪. પરમ ભાવ પ્રકાશક નયચક્ર
૧૫. ત્રિકાળવર્તી મહાપુરૂષ
૧૬. શાશ્વત તીર્થધામ સમ્મેત શિખરજી
૧૭. ભેદ વિજ્ઞાનસાર
૧૮. ણમોકાર મહામંત્ર
૧૯. અધ્યાત્મ વૈભવ
૨૦. વૈરાગ્યમૂર્તિ પૂ. શાંતાબેન જીવન દર્શન
૨૧. વિદાયની વેળા
૨૨. સમાધિતંત્ર પ્રવચન (હિન્દી)
૨૩. અધ્યાત્મ સંદેશ
૨૪. જિનેન્દ્ર પૂજા સંગ્રહ
૨૫. જિન પૂજન સંગ્રહ
૨૬. સમયસાર અનુશીલન ભાગ : ૨
૨૭. ભક્તામર સ્તોત્ર પ્રવચન
૨૮. જૈન બાળપોથી ભાગ-૧
૨૯. જૈન બાળપોથી ભાગ-૨
૩૦. પરિચય પુસ્તિકા (સંસ્થા)
૩૧. સૌરાષ્ટ્રનાં દિ. જિન મંદિરો
૩૨. શ્રી જિનેન્દ્ર સ્તવન મંજરી (બીજી આવૃતી)
૩૩. શ્રી શાંતિનાથ-અષ્ટબલભદ્ર પૂજન